# Tribal Development

# વનબંધુ વિકાસ

# વનબંધુ વિકાસ



**ગુજરાતની પૂર્વ પટ્ટી દાંતા થી લઈને ડાંગ સુધીના ૧૫ જિલ્લાઓમાં આદિવાસી સમુદાય મોટી સંખ્યામાં વસવાટ કરે છે. છેલ્લા ત્રણ વર્ષમાં મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રગતિશીલ સરકારે વનબંધુઓના કલ્યાણ અને ઉત્કર્ષ માટે અનેક મહત્વપૂર્મ નિર્ણયો લઈને રાજ્યના વનબંધુઓને વિકાસની મુખ્યધારામાં લાવવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે તેના પ્રભાવક પરિણામોની આદિવાસીઓને અનુભુતિ થઈ રહી છે.**

- છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ૧૯ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ મુખ્યમંત્રીશ્રીએ વનબંધુ કલ્યાણ મેળામાં આદિજાતિ વિસ્તારોની ગ્રામપંચાયતો અને ગ્રામ સભાઓને વિશેષ અધિકાર આપતાં ગુજરાત રાજ્ય પંચાયતની જોગવાઈઓના અધિનિયમ હેઠળ 'પેસા' (પંચાયત એક્ષ્ટેન્શન ટુ ધ એરિયાસ)ના નિયમોના અમલનો પ્રારંભ કરાવ્યો. ૫૦ જેટલા આદિજાતિ તાલુકાઓની ૨૫૮૪ ગ્રામપંચાયતો હેઠળની ૪૫૦૩ ગ્રામસભાઓને ગૌણ વનપેદાશો અને ગૌણ ખનિજો સહિત વિકાસ માટેના નિર્ણયો સ્થાનિક કક્ષાએથી જ લેવાનો વિશેષ અધિકાર પ્રાપ્ત થયો.
- રાજ્યમાં **બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી**, રાજપીપળામાં શરૂ કરી આદિવાસી વિદ્યાર્થીઓમાં કૌશલ્ય નિર્માણનો નવો અધ્યાય શરૂ કરવામાં આવ્યો.
- અગરિયા વિસ્તારના બાળકોને પ્રારંભિક શિક્ષણ ઘરઆંગણે પૂરું પાડવા માટે **સ્કૂલ ઓન વ્હીલ**ની અભિનવ પહેલ આ સરકારે કરી છે. જેના ભાગરૂપે ૧૨૦૦ જેટલાં અગરિયા પરિવારોને તબક્કાવાર તેનો લાભ મળશે.
- છેલ્લા ત્રણ વર્ષમાં ૨૮ લાખથી વધુ આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તેમજ ગણવેશની સહાય તેમના બેન્ક ખાતામાં સીધી જમા કરવામાં આવી છે.
- આદિજાતિ વિદ્યાર્થીઓ માટે મેડિકલ અને












ઈજનેરીના અભ્યાસ માટે નીટ અને જેઈઈના કોચીંગ વર્ગો શરૂ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરીને તેનો અસરકારક અમલ કરવામાં આવ્યો છે.

- **આદિજાતિ મહિલાઓને ડેરી વ્યવસાયમાં** સ્વનિર્ભર કરવા માટે ₹ ૪૫૨.૩૦ કરોડના ખર્ચે **૧.૪૦ લાખ દૂધાળા પશુઓનું વિતરણ** કરવામાં આવ્યું છે.
- ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને **૧૨ સમરસ હોસ્ટેલ** મારફતે રહેવા-જમવાની ઉત્તમ વ્યવસ્થા પ્રાપ્ત થતાં વનબંધુ વિદ્યાર્થીઓમાં સાક્ષરતા દરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.
- **વન અધિકાર અધિનિયમ** હેઠળ છેલ્લા ૩ વર્ષમાં ૮૮૮૫૯ જેટલા વ્યક્તિગત દાવાઓ મંજૂર કરીને ૧,૩૯,૭૧૭ એકર વનજમીન ઉપર આદિવાસી બાંધવોને અધિકાર મળ્યો છે.
- **સિકલસેલ એનિમિયા રોગના** નિયંત્રણ અને ઉપચાર માટે છેલ્લા ૩ વર્ષમાં ૮૮ લાખથી વધુ આદિવાસી બાંધવોની ચકાસણી કરી ૨૯૦૦૦ જેટલાં દર્દીઓને આર્થિક સહાય આપવામાં આવી છે.